

ગાંધીનગર જિલ્લાના વલાદ ગામ ખાતે આજે કૃષિ મહોત્સવનો સમાપન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હિનાબેન પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. જિલ્લા ભાજપના મહામંત્રી હિતેન્દ્ર પટેલે જમીન સંપાદન વિધેયકની સમજ આપી હતી.

# ગાંધીનગર સિવિલના નવા સંકુલમાં પાણીની સમસ્યા વિકટ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ સંકુલમાં રચના પામેલ અનેક નવા બિલ્ડીંગોમાં પીવાના અને વપરાશના પાણીની સમસ્યા ભારે ઘેરી બની છે. જેથી સિવિલમાં દાખલ દર્દીઓ ભારે પરેશાન થઈ ગયા છે. બીજી બાજુ બિલ્ડીંગના જાહેર શૌચાલયમાં પણ પાણી ન આવતું હોવાથી ગંદકી થવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર સિવિલ સંકુલમાં હાલ કરોડો રૂપિયાના ખર્ચે તેનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. મૂળ સિવિલ બિલ્ડીંગની આસપાસ દર્દીઓની સુવિધા માટે અનેક ઈમારતો ઉભી કરવામાં આવી છે. જયારે કેટલીક ઈમારતો તો કામકાજથી શરુ પણ કરી દેવામાં આવી છે પરંતુ દર્દીઓની સારવાર વિભાગની નવી બિલ્ડીંગમાં હજુ સુધી પાણી પુરવઠો પુરો પાડવામાં આવ્યો જ નથી આથી પીવાના અને વપરાશના પાણી માટે દર્દીએ ભારે મુશ્કેલી વેઠવી પડે છે. સિવિલની પાણીની સમસ્યા ભર ઉનાળે ઘેરી બની છે. થોડા સમય અગાઉ જ આ બિલ્ડીંગોમાં જે ટાંકી માંથી પાણીનું સપ્લાય થાય છે તે લીકેજના કારણે તુટી પડી હતી. સિવિલ સંકુલમાં વારંવાર પાણીની સમસ્યાઓને લીધે ગંદકી અને રોગચાળાની ભીતી સેવાઈ રહી છે. ગાંધીનગર સિવિલમાં તંત્રની ભારે ઉદાસીનતા જોવા મળી રહી છે.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસ અગાઉ આ પાણીની ગંભીર સમસ્યાને મામલે આરોગ્ય કમિશનરે રૂબરૂ સિવિલ હોસ્પિટલ ની મુલાકાત લીધી હતી અને પીઆઈયુને લેખિતમાં સૂચન આપી તમામ ફરિયાદોનો તાત્કાલિક ઉકેલ લાવવા આદેશ કર્યો હતો. અને કાર્ય પૂર્ણ કરી લેખિતમાં જાણકારી આપવા જણાવ્યું હતું.

# પુન્દ્રાસણ ચોકડીથી બે શખ્સો પીધેલી હાલતમાં ઝડપાયા

## દારૂ પીને ધમાલ કરતો એક શખ્સ ચરેડી છાપરામાંથી પકડાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર નજીક આવેલા પુન્દ્રાસણ ગામથી ટીંટોડા જતા માર્ગ પર ચોકડી પાસેથી ગઈ મોડી સાંજે પેથાપુર પોલીસે બે શખ્સોને પીધેલી હાલતમાં ફરતા ઝડપી પાડયા હતા તે ઉપરાંત સે-૨૧ પોલીસે ચરેડી છાપરામાં દારૂ પીને ધમાલ કરતાં એક શખ્સને ઝડપી લઈ તેની ધરપકડ કરી લીધી છે.

પેથાપુર પોલીસને બાતમી મળી હતી કે પુન્દ્રાસણ ચોકડી પાસે દારૂના નશામાં ધૂત બે શખ્સો ફરી રહ્યા છે જેને આધારે ગઈ મોડી સાંજે બે શખ્સોને પકડી પાડયા હતાં. શાહીબાગ વિસ્તારમાં રહેતા મનોજ સુરેશ દંતાણી અને ટીંટોડા ખાતે રહેતા અશોક પાંચા દંતાણીની પીધેલી હાલતમાં પેથાપુર પોલીસે ધરપકડ કરી લીધી હતી. તો બીજી તરફ આજે બપોરના અરસામાં ચરેડી છાપરા વિસ્તારમાં ભરત ડાહ્યા દંતાણી નામનો શખ્સો દારૂ પીધેલી હાલતમાં ધમાલ કરી રહ્યો હોવાની ફરીયાદ મળતા સે-૨૧ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ભરત દંતાણીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સેક્ટર-૨૬ ગ્રીનસીટી સોસાયટીમાં વકીલના વર્તનથી રહીશો ત્રસ્ત

## વકીલના વ્યવહારથી ત્રાસી ગયેલા રહીશોની પોલીસ સ્ટેશન ફરીયાદ : હદપાર કરવા સુધીની સોસાયટીની માંગણી

ગાંધીનગર, તા. ૮

શહેરના સેક્ટરક-૨૬ ગ્રીનસીટી સોસાયટીમાં રહેતા એક વકીલના વર્તન અને વ્યવહારથી સમગ્ર સોસાયટી ત્રાસી ગઈ હોવાની બુમો ઉઠવા પામી છે. વકીલના વર્તનને કારણે સોસાયટીમાં મહિલાઓ અને બાળકો ઘરે એકલા હોય ત્યારે ગભરાહટ અનુભવતા હોવાની અરજી સોસાયટી વતી પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી છે. તાજેતરમાં જ વકીલે સોસાયટીના નરેન્દ્રભાઈ પટેલ નામના રહીશ ઉપર હૂમલો કર્યો હોવાની ઘટના બાદ પોલીસ ફરીયાદ દાખલ થવા પામી હતી. આ વકીલની સનદ રદ થાય અને સે. ૨૬માંથી હદપાર કરાય ત્યાં સુધીની માંગણી સોસાયટીના રહીશોએ લેટરપેડ પર લખાણ કર્યા બાદ ઉચ્ચકક્ષાએ કરી છે.

સોસાયટીના લેટર પેડ પર કરેલી અરજીને આધારે ગ્રીનસીટી સોસાયટી સે. ૨૬માં રહેતા વકીલ યોગેશ ગજાનન કાનડે એ સોસાયટીની શાંતિ હણી નાંખી છે. કઈપણ નાની-મોટી બાબતે હિંસક હૂમલા કે પથ્થરમારા સુધી ઘટનાને દોરી જાય છે. દસેક દિવસ પહેલા નરેન્દ્રભાઈ નામના રહીશ ઉપર હિચકારા હૂમલાની ઘટના બાદ પોલીસ ફરિયાદ થવા પામી હતી. આ ઘટના બાદ સોસાયટીની ઊંઘ હરામ થઈ ગઈ છે અને મહિલાઓ-બાળકો અસલામતીની લાગણી અનુભવી રહ્યા છે. વકીલના આ વર્તન અને વ્યવહારથી કંટાળીને રહીશોએ પોલીસની શરણ લીધી છે અને તે ઉપરાંત વકીલની સનદ રદ કરાય તથા હદપાર કરાય તેવી પણ માંગણી કરી છે.

# પીએસઆઈ, એએસઆઈ અને એલઆરની લેખિત પરીક્ષાની સત્તાવાર આન્સર કી ની રાહ જોતા ઉમેદવારો

## મેરીટ કેટલે અટકશે, તેની સોશ્યલ મીડીયા પર ઉમેદવારોમાં ભારે ચર્ચા

ગાંધીનગર, તા.૮

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા તાજેતરમાં પોલીસ મહેકમમાં વધારો કરવા પી.એસ.આઈ., એ.એસ.આઈ અને લોક રક્ષકની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં રાજય ભરમાં અંદાજે ૧.૨૫ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી અને હવે હજારો ઉમેદવારો બોર્ડની સત્તાવાર આન્સર કી ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે અને મેરીટ કેટલે અટકશે તેની વોટસએપ ચર્ચાઓ ભારે થઈ રહી છે.

રાજયમાં પોલીસ દળમાં મહેકમની ઘટને પુરી કરવા તાજેતરમાં રાજયમો પોલીસ ભરતી બોર્ડ દ્વારા અંદાજે ૮૦૦૦ જેટલી ખાલી જગ્યાઓ ભરવા માટે બોર્ડની વેબ સાઈટ પર જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી હતી. રાજયના લાખો યુવાનોએ પોલીસમાં જોડાવવા માટે શારીરિક કસોટી આપી હતી. ચાલુ માસના પ્રારંભે જ બોર્ડ દ્વારા ૨, ૩, અને ૪ મેના રોજ રાજયભરમાં લેખિત પરીક્ષાનું આયોજન કર્યું હતું. જેમાં અંદાજે ૧.૨૫ લાખ થી વધારે ઉમેદવારોઓ પરીક્ષા આપી હતી. બોર્ડે તમામ તૈયારીઓ સાથે કુલ ત્રણ દિવસ ૬ લેખિત પેપરો લીધા હતા. પરીક્ષામાં ભ્રષ્ટાચાર કે ગેરરીતિ ન થાય તે માટે પરીક્ષા દરમિયાન બોર્ડે ઉમેદવારોની મૂળ ઓએમઆર શીટની નીચે કાર્બન કોપી પણ મુકી હતી. બોર્ડની આ પરીક્ષા પધ્ધતિ સામે ઉમેદવારમાં સતોષ જોવા મળ્યો છે.

જો કે પી.એસ.આઈ. એ.એસ.આઈ. અને લોક રક્ષકની લેખિત પરીક્ષા આપનાર હજારો ઉમેદવારો બોર્ડની સત્તાવાર આન્સર કી ની ભારે આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા છે. જયારે સોશ્યલ મીડીયા- વોટસએપ અને ફેસબુક પર અનેક પરીક્ષાની આન્સર કી સંબંધિત પોસ્ટો ફરતી થતા ઉમેદવારો ગેરમાર્ગે દોરાઈ રહ્યા છે. તો બોર્ડ તુરંત આન્સર કી સાઈટ પર મુકે તેવી માંગ ઉઠી છે.

# ગાંધીનગરમાં ડોકટર્સ માટે તણાવ મુકિત શિબિર યોજાયો

## જો ડોકટર્સ તણાવમુકત રહેશે તો સમાજ તણાવમુકત બનશે, સમાજમાંથી તણાવ ઘટશે તો ક્રાઈમ રેટ પણ ઘટશે : જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની મેડીકલ કોલેજ ખાતે આજે ડોકટર્સ માટે તણાવ મુકિત શિબિરનું આયોજન કરાયું હતું. જિલ્લા અને નગરના ૩૦૦ તબીબોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પ્રસંશનીય પ્રવચન આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે 'જો ડોકટર્સનો તણાવ ઓછો થશે તો સમાજમાં તણાવ ઘટશે, જો સમાજમાં તણાવ ઘટશે તો આપો આપ ક્રાઈમ રેટ ઓછો થશે.'

સમર્પણ ધ્યાન કેન્દ્ર અને એલોપેથીક આયુર્વેદિક તેમજ હોમિયોપેથીક એમ ત્રણેય સારવાર પધ્ધતિઓના ગાંધીનગરના એસોસિએશન્સ દ્વારા સંયુકત ઉપક્રમે યોજવામાં આવેલ તણાવ મુકિત શિબિરમાં ઈન્ડીયન મેડીકલ એસોસિએશનના પ્રેસિડેન્ટ ડૉ. અનિલ ચૌહાણે શિબિરમાં હાજર તબીબોને તણાવ પેદા થવાના કારણો અને તણાવથી મુકિત મેળવવાના ઉપાયો અંગે વિસ્તૃત સમજ આપી હતી. શિબિરમાં સમર્પણ ધ્યાન કેન્દ્ર દ્વારા તણાવ મુકિત અંગે ડીવીડી દ્વારા ઓડીયો વિઝ્યુએલ ડેમોન્સ્ટ્રેશન અને ધ્યાનનો પ્રત્યક્ષ પ્રયોગ પ્રસ્તુત કરાયો હતો. તણાવમુકિત શિબિર બપોરે ૧.૩૦ થી ૪ વાગ્યા દરમિયાન યોજાઈ હતી જેમાં તમામ તબીબોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.






# કલોલના ધાનોટ ગામે રામજી મંદિર જીર્ણોધ્ધાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ધાનોટ ગામે તા. ૧૪ અને ૧૫ મે દરમ્યાન રામજી મંદિરના જીર્ણોધ્ધાર પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુંછે. આ મહોત્સવ દરમ્યાન કર્મકુટિર હોમ, વાસ્તુયજ્ઞ, દીક યજ્ઞ, કળશ પ્રમાણ પ્રતિષ્ઠા, શિખર મહા અભિષેક જેવા ધાર્મિક કાર્યક્રમો ઉપરાંત ભજન સંધ્યાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

રામજી મંદિર જીર્ણોદ્ધાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પહેલા દિવસે સવારે ૧૦ વાગે જલયાત્રા અને નગરયાત્રા યોજાશે. સવારે ૯.૩૦ વાગ્યાથી કર્મકુટિર હોમયજ્ઞ પ્રારંભ થશે તેમજ બપોરે ૨ વાગે વાસ્તુયજ્ઞ યોજાશે. આ દિવસે સાંજે ૩.૩૦ કલાકે શિખર મહાઅભિષેક અને સાંજે ૪ વાગે સાયંપૂજન યોજાશે. ત્યાર બાદ રાત્રે ૮ વાગે ભજન સંધ્યા યોજાશે. બીજા દિવસે સવારે ૧૦ વાગે દીક યજ્ઞ યોજાશે અને બપોરે ૧૨.૩૯ કલાકે કળશ-ધ્વજાદંડ પ્રાણ પ્રતિષ્ઠા તેમજ મધ્યાન આરતી કરાશે. યજ્ઞની પૂર્ણાહુતિ સાંજે ૪.૩૦ કલાકે થશે ત્યાર બાદ સાંજે ૬.૩૦ વાગે મહાપ્રસાદ ભોજનનો કાર્યક્રમ યોજાશે.

# આજે રેશનલ સમાજની બેઠક

ગાંધીનગર, તા.૮

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક તા. ૯મી મે ૨૦૧૫ના રોજ સાંજે ૫-૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે મળશે. સર્વે સભાસદ મિત્રોને સમયસર બેઠકમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# દાદા માટે દવા લેવા ગયેલા પૌત્રનું અકસ્માતમાં મૃત્યુ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીક નભોઈ ખાતે રહેતો અને એપોલો હોસ્પિટલમાં ફાર્માસીસ્ટ તરીકે નોકરી કરતો ૨૬ વર્ષિય યુવાન ભુપતસિંહ જશવંતસિંહ ઝાલા ગઈ કાલે સવારે મિત્રનું એક્ટીવા લઈને દાદાને ઉપડેલા છાતીના દુખાવાની દવા લેવા જવા નિકળ્યો હતો. તે દરમ્યાન એપોલોથી ભાટ તરફના રસ્તામાં એક્ટીવા ટેન્કર પાછળ ઘુસી જતાં પૌત્ર ભુપતસિંહને ગંભીર ઈજાઓ થવા પામી હતી. તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવેલા ભુપતસિંહનું મોડી સાંજે સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતુ. અડાલજ પોલીસે આ બનાવ અંગે ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

# બાવીસા પરગણા રોહિત સમાજ દ્વારા સમુહલગ્ન મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૮

શ્રી બાવીસા પરગણા રોહિત સમાજ દ્વારા દ્વિતીય સમુહ લગ્ન મહોત્સવ રોહિત સમાજ ભવન, હરસોલ તા. તલોદ જિ. સાબરકાંઠા ખાતે યોજવામાં આવ્યો છે. આ સમુહ લગ્નમાં ૨૮ જેટલા નવ યુગલો પ્રભુતામાં પગલા પાડશે. સમુહ લગ્નમાં તલોદ પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા પ્રમુખ મણીલાલ પી. અમીન રીટાયર્ડ ડીવાયએસપી જે.કે. મેવાડા અને સમુહ લગ્ન સમિતિના એમ.એમ.સોલંકી ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સમાજના અનેક અગ્રણીઓ અધિકારીઓ શિક્ષણકારો અને રાજકારણ ક્ષેત્રના ઉપસ્થિત રહેનાર છે. સમુહ લગ્નમાં સોના ચાંદીના દાગીના, કાંસા તાંબાના સ્ટીલના વાસણો સહિત માતબર રકમ સમાજના પંદર જેટલા ગામોના દાતાઓ દ્વારા આપવામાં આવેલ છે. લાડુબેન ધર્માભાઈ પરિવાર સમુહલગ્ન ભોજનના દાતા છે.

જેમાં સવારે ૮.૩૦ કલાકે ગણેશ સ્થાપના થશે. સમુહ લગ્ન તા. ૧૧મી મે સોમવારે યોજાશે ૯-૦૦ વાગે જાન આગમન અને ૫.૩૦ કલાકે કન્યા વિદાય કરવામાં આવશે.

રોહિત સમાજ સેવા સંસ્કાર વિકાસ મંડળ હરસોલના પ્રમુખ મણીલાલ પી. અમીન મંત્રી મોહનભાઈ એન. સોલંકી અને ખજાનચી મંગળદાસ સોલંકીએ આ સમુહ લગ્નમાં પધારવા જ્ઞાતિજનોને ભાવપૂર્વક આમંત્રણ પાઠવ્યું છે. આ પ્રસંગે કૈયલ ધામના જય માડી, રમણમેલડી, મોઢુકાના સંતશ્રી નવનીતદાસ આચાર્ય, મગોડીના સંતશ્રી સોમદાસ બાપુ અને ઈસનપુરના અમૃતદાસ બાપુ નવદંપતિને આશીવચન આપવા પધારશે.

# કેન્દ્ર સરકારની નિષ્ફળતાઓને છતી કરવા કોંગ્રેસ દ્વારા કાર્યક્રમો અપાયા

ગાંધીનગર, તા.૮

કેન્દ્ર સરકારમાં બેસેલી મોદી સરકારના શાસનને એક વર્ષ પુરૂ થતાં ભાજપ સરકારની નિષ્ફળતાઓને છતી કરવા માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે.

અમદાવાદ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી અને ગુજરાતના પ્રભારી ગુરુદાસ કામતની ઉપસ્થિતિમાં એક બેઠક મળી હતી. જેમાં કેન્દ્રની ભાજપ સરકારની નિષ્ફળતાઓને પ્રજા સમક્ષ ખુલ્લી કરવા માટે કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે.

૨૬મી મે ના રોજ કેન્દ્રની ભાજપ સરકારના શાસનને એક વર્ષ પુરું થઈરહ્યું છે ત્યારે ગુજરાત કોંગ્રેસના કાર્યકરો લોકોના ઘરે જઈને સરકારની નિષ્ફળતાઓ છતી કરશે આ ઉપરાંત ભાજપના સાંસદોના ઘરોનો ઘેરાવ કરશે અને ચુંટણી સમયે ભાજપ દ્વારા આપવામાં આવેલા વચનોની યાદી બતાવીને વચનોની યાદ અપાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્રની ભાજપ સરકારના શાસનને એક વર્ષ પૂર્ણ થઈ રહ્યું હોઈ ભાજપ દ્વારા ૨૨મી મેથી ૬મી મે દરમિયાન સરકારની સફળગાથાઓ પ્રજા સમક્ષ લઈ જવા માટે ઉજવણી કરવાનો કાર્યક્રમ આપવામાં આવ્યો છે જેની સામે ગુજરાત કોંગ્રેસ દ્વારા કેન્દ્રની ભાજપ સરકારની નિષ્ફળતાઓને છતી કરવા માટેના કાર્યક્રમો ઘડી કાઢીને જાહેર કરવામાં આવ્યા છે.

# પ્રાથમિક શાળામાં ઈન્ટરનેટ કનેક્ટિવીટી ઉપલબ્ધ બનશે

ગાંધીનગર, તા.૮

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આગામી શૈક્ષણીક વર્ષથી રાજયની ૨૦,૦૦૦ જેટલી પ્રાથમિક શાળાઓને ઈન્ટરનેટ કનેકટીવીટી ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ માટે ખાનગી ઈન્ટરનેટ પ્રોવાઈડર કંપનીઓ સાથે કરાર પણ કરી લેવામાં આવ્યા છે.

જોકે આ ઈન્ટરનેટ કનેકટીવીટીનું બીલ જે તે શાળાએ પોતાના નિભાવ ખર્ચમાથી ભરવાનું રહેશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજય સરકાર દ્વારા શિક્ષણને આધુનિક બનાવવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવાથી લઈને ફી જમા કરાવવા સુધી તમામ પ્રક્રિયા ઓનલાઈન કરી દેવામાં આવી છે. છેલ્લે મળેલ બોર્ઢની સામાન્ય સભામાં હવે હોલ ટીકીટો પણ ઓનલાઈન મુકવાનો નિર્ણય કરાયો છે. ત્યારે આ માટે રાજયના બાળકોને પ્રાથમીક શાળા સ્તરથી કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનાં જ્ઞાનથી સજજ કરી શકાય તે માટે રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત આગામી ૮ જૂન થી શરૂ થઈ રહેલા શૈક્ષણીક સત્રથી રાજયની ૨૦,૦૦૦ જેટલા સરકારી પ્રાથમીક શાળાઓને ૨૪ કલાક ઈન્ટરનેટ કનેકટીવીટીની સુવિધા પુરી પાડવામાં આવશે આ માટે શિક્ષણ વિભાગ દ્વારા ખાનગી નેટ સર્વિસ પ્રોવાઈડર કંપની સાથે પણ કરી દેવામાં આવી છે આ ઉપરાંત શિક્ષણ વિભાગ દ્વારા રાજયની પ્રાથમિક શાળાઓ માટે સ્કુલ મેનેજમેન્ટ સોફટવેર તૈયાર કરાયું છે. જેનાં ઉપર નાના બાળકો માટે પંચતંત્ર સહિતની બાળવાર્તાઓનું સાહિત્ય ઉપલબ્ધ હશે. જેનો રેફરન્સ તરીકે શિક્ષણ કાર્યમાં ઉપયોગ કરી શકાશે. એટલુ જ નહી શાળાના વિદ્યાર્થીઓને ઈન્ટરનેટ સંબંધી શિક્ષણ પણ આપવામાં આવશે જો કે શિક્ષણ બોર્ડ સ્પષ્ટતા કરી છે કે ઈન્ટરનેટ કનેકટીવીટીનું બીલ જેતે શાળાએ તેને મળતા નિભાવ ખર્ચમાથી ચુકવવાનું રહેશે આ માટે સરકાર દ્વારા કોઈ વધારાની સહાય ચુકવવામાં આવશે નહી સાથે જ ખાનગી નેટ પ્રોવાઈડર કંપનીઓ સાથેના કરારમાં પણ સ્પષ્ટતા કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૩
સૂર્યાસ્ત : ૭.૧૨

## તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૨૦ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સ્ક્રીન-૩ :**
જય હો ડેમોક્રસી : ૯.૪૫
બે યાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

**સ્ક્રીન-૪ :**
જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૨.૧૫, ૭.૪૫

**સ્ક્રીન-૨ :**
ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
એવેન્જર્સ ૨ (ઈંગ્લીશ) : ૭.૦૦
એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
સબકી બજેકી બેંડ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
મિ.એક્સ : ૫.૧૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૪૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
ગબ્બર ઈસ બેક : ૧૦.૦૦, ૫.૦૦

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. વેદ મધુસુદન અમરતલાલ ઉ.વ. ૮૩, પ્લોટ નં. ૧૭૫૫/૧, સેક્ટર-૨/ડી, ગાંધીનગર
- સ્વ. ધીરજબેન મુરલીધર રાવલ - ઉ.વ. ૬૦, બી/૪, હરિનગર, વાવોલ, જી. ગાંધીનગર